શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
આયુષ્યમાન કાર્ડ હેઠળ થતા ઓપરેશન
હરસ, મસા, વધરાવળ,
સારણગાંઠ, એપેન્ડિક્સ,
પિત્તાશયની પથરી,
સુન્નતનું ઓપરેશન,
કાન, નાક, ગળાની તમામ સર્જરી
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



ડૉ. મુકુલ પટેલ
એમ.ડી. (એનો-રેક્ટલ) Ay; એફ.એ.એમ.એસ.
હરસ મસા ભગંદર ફીશર
મળમાર્ગના રોગોના નિષ્ણાત

- મળ ત્યાગ સમયે દુ:ખાવો, બળતરા યા રક્ત સ્ત્રાવ થવો.
- મળમાર્ગની આસપાસ ગાંઠ યા ગડ જેવું થઈ તેમાથી વારંવાર રસી પરૂ આવવું યા દુ:ખાવો થવો.
- મળ ત્યાગ વખતે ચિકાશ કે રસી-પરૂ આવવું.
- મળ ત્યાગ વખતે કંઈ ભાગ બહાર આવવો.

સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ, મજુરાગેટ ટ્રાફિક સર્કલ સામે, રીંગરોડ, સુરત.
સમય : ૧૦:૦૦ થી ૧:૦૦ ફોન : 2462626, 99044 05577



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ શ્રાવણ પૂનમ, શનિવાર ૯ ઓગસ્ટ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૩૬

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦


# ભારત સાથે ટેરિફનો મુદ્દો ન ઉકેલાય ત્યાં સુધી મંત્રણા નહીં: ટ્રમ્પ

**અમેરિકા સાથે વચગાળાના વેપાર કરાર અંગેની મંત્રણાનો આગામી રાઉન્ડ ૨૫ ઓગસ્ટે યોજાનાર હતો તે યોજાવા સામે પ્રશ્નાર્થ**

**ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. 8 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યાં સુધી ટેરિફોનો મુદ્દો ઉકેલાઇ જાય નહીં ત્યાં સુધી ભારત સાથે વેપાર મંત્રણાઓની શક્યતાઓ નકારી કાઢી છે.

ના, અમે તે ઉકેલી નાખીએ નહીં ત્યાં સુધી નહીં એમ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં એ પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે તેઓ ભારત સાથે વેપાર મંત્રણા વધવાની અપેક્ષા રાખે છે કે કેમ? જ્યારે તેમણે તે દેશ પર ૫૦ ટકા ટેરિફ જાહેર કર્યા છે. ગયા સપ્તાહે, ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી હતી જે ૭ ઓગસ્ટથી અમલમાં આવશે.

આ ઉપરાંત રશિયા પાસેથી ઓઇલ ખરીદવા બદલ ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફ લાગુ પાડતા એક કારોબારી આદેશ પર પણ અમેરિકી પ્રમુખે હસ્તાક્ષર કર્યા હતા. આ વધારાના ટેરિફ ૨૧ દિવસ પછી અથવા ૨૭ ઓગસ્ટથી અમલમાં આવશે.

ટેરિફનો પ્રતિસાદ આપતા ભારતના વિદેશ મંત્રાલયે તેમને ગેરવાજબી અને અન્યાયી ગણાવ્યા હતા. કોઈપણ મોટા અર્થતંત્રની જેમ, ભારત પણ તેના રાષ્ટ્રીય હિતો અને આર્થિક સુરક્ષાનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશ એમ તેણે જણાવ્યું હતું. ભારત અને અમેરિકા વચ્ચેની વર્તમાન પરિસ્થિતિ અંગે, પ્રખ્યાત ભારતીય-અમેરિકન વકીલ રવિ બત્રાએ કહ્યું કે ઘણું બધું દાવ પર છે. તેમણે એ બાબતને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી કે રશિયન પ્રમુખ પુટિને ટ્રમ્પ ઈચ્છતા હતા તે રીતે યુક્રેન સાથે યુદ્ધ વિરામ સ્વીકાર્યો નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ભારત અને અમેરિકા વચ્ચે એક વચગાળાના વેપાર કરાર કરવા માટે મંત્રણાઓનો દોર ચાલી રહ્યો હતો. મંત્રણાનો આગામી રાઉન્ડ દિલ્હીમાં ૨૫મી ઓગસ્ટે યોજાનાર હતો.

## જો કોર્ટ ટેરિફ વિરુદ્ધ ચુકાદો આપશે તો 1929 જેવી મંદી આવશે: ટ્રમ્પ

**વોશંગ્ટન.** શુક્રવારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ લાદવાના તેમના પગલાનો બચાવ કરતા કહ્યું કે તેમની શેરબજાર પર મોટી સકારાત્મક અસર પડી છે અને અબજો ડોલર અમેરિકી તિજોરીમાં આવી રહ્યા છે. જોકે, ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો કોર્ટ ટેરિફ વિરુદ્ધ ચુકાદો આપે તો '1929-શૈલીની મહામંદી' આવશે. 'નાણાં, સંપત્તિ નિર્માણ અને પ્રભાવને નીચે લાવવા અથવા ખલેલ પહોંચાડવાના પ્રયાસમાં જો કોઈ કટ્ટર ડાબેરી કોર્ટ અમારી વિરુદ્ધ ચુકાદો આપશે, આ બધું પાછું મેળવવું અથવા ચૂકવવું અશક્ય હશે. તે 1929નુ પુનરાવર્તન થશે ફરીથી એક મહાન મંદી આવશે!', એમ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું. અમેરિકન પ્રમુખે કહ્યું કે અમેરિકા આવી ન્યાયિક દુર્ઘટનામાંથી બહાર નીકળી શકે તેવી કોઈ શક્યતા નથી. પરંતુ હું આપણા ન્યાયતંત્રને બીજા કોઈ કરતાં વધુ સારી રીતે જાણું છું, ઇતિહાસમાં એવું કોઈ નથી જે મારા જેવી કાર્યવાહીઓ, મુશ્કેલીઓ અને અનિશ્ચિતતાઓમાંથી પસાર થયું હોય, પણ આશ્ચર્યજનક રીતે સુંદર, વસ્તુઓ બની શકે છે', એમ તેમણે ઉમેર્યું. ગુરુવારે નવી ડ્યુટી અમલમાં આવ્યા પછી, યુએસ ટેરિફ રેટ હવે સરેરાશ 20.1 ટકા છે, જે 1910ના દાયકાની શરૂઆત પછીનો સૌથી ઉચ્ચ સ્તર છે.

## ટેરિફના બખાળા ભારત સાથે ભાગીદારી મજબૂત બનાવવાની મહેનત પર પાણી ફેરવી દેશે: પીઢ અમેરિકી સાંસદ

ભારત પર ટેરિફો લાદવાના પ્રમુખ ટ્રમ્પના પગલાઓની ટીકા કરતા અમેરિકી પ્રતિનિધિગૃહના એક પીઢ ડેમોક્રેટ સભ્ય જ્યોર્જ મીક્સે કહ્યું છે કે ટ્રમ્પના નવીનતમ ટેરિફના બખાળાઓ અમેરિકા અને ભારત વચ્ચે એક વધુ મજબૂત ભાગીદારી સર્જવા માટે વર્ષોથી કરવામાં આવેલ કાળજીપૂર્વકની કામગીરી માટે જોખમ ઉભું કરે છે.

### તા. ૦૮-૦૮-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૩૦૯ મીમી |
| ઉકાઇ | સપાટી આજની ૩૩૧.૫૮ ફૂટ | આઉટફ્લો ૬૩૦૨ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૯ સે. | ૨૬.૪ સે. | ૭૨% |

# ચીનમાં ભારે વરસાદ અને પૂર, 17નાં મોત 33 ગુમ

**યુઝોંગના** અનેક વિસ્તારો ગંભીર રીતે પ્રભાવિત થયા ધોધમાર વરસાદથી અનેક ઘરો અને વાહનોને પણ નુકસાન થયું



**બીજિંગ, તા. 8 (PTI):** ચીનમાં છેલ્લા 48 કલાકમાં વરસાદ અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા 17 લોકોના મોત થયાં હતાં અને 33 લોકો ગુમ થયાં છે, એમ સરકારી મીડિયાએ શુક્રવારે જણાવ્યું હતું.

ગુરુવારે ઉત્તરપશ્ચિમ ગાંસુ પ્રાંતમાં આવેલા મૂશળધાર વરસાદ પછી પ્રમુખ શી જિનપિંગે શોધ અને બચાવ પ્રયાસો, પૂર નિવારણ અને આપતિ રાહત કાર્ય પૂરઝડપથી કરવા તાકીદ કરી છે, એમ સરકારી સમાચાર એજન્સીએ શુક્રવારે અહેવાલ આપ્યો હતો.

ગાંસુ પ્રાંતના યુઝોંગ કાઉન્ટીમાં અચાનક પૂર આવતા ઓછામાં ઓછા 10 લોકો માર્યા ગયા છે અને 33 લોકો ગુમ થયા છે, એમ અહેવાલમાં કહેવાયું હતું. ગુરુવારથી ભારે વરસાદને કારણે લાન્ઝોઉ શહેર નજીકના પર્વતીય વિસ્તારોમાં અચાનક પૂર આવ્યું હતું અને ઓછામાં ઓછો ભેખડ ધસવાનો એક બનાવ બન્યો હતો.

...અનુસંધાન પાના 5 પર


